# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪ | 12292 તા.[illegible]/૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
જિ.સુરત

વિષય:- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.
સંદર્ભ:-કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,સુરતનો પત્ર ક્રમાંક નં: સ.સુ/વસી.૭૨૮/૨૦૨૪ તા.૦૯/૦૮/૨૦૨૪

આ સાથે સામેલ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,સુરતનો પત્ર અન્વયે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબતે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા, બી-૪, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. ૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ નં. ૨૬૫૫૭૫૭
**Email :- collector-sur@gujarat.gov.in**
**Samajsuraxa.surat@gmail.com**


સત્યમેવ જયતે

નં.સ.સુ./વશી. ૧૯૮ /૨૦૨૪ તા.૦૯/૦૮/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ-બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- 4830
તારીખ :- ૧૧.૮
સંખ્યા :-
સહી :- ૧૫૧૮

વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.
સંદર્ભ :- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:વિજાક/જાપ્રપ/દરખાસ્ત/૨૦૨૪-૨૫/૨૧૧૧, તા.૦૬/૦૮/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ્રા પત્ર અન્વયે જણાવવાનું કે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૬/૦૮/૨૦૨૪નો પત્ર આ સાથે સામેલ રાખેલ છે. જેમા થયેલ સુચના મુજબ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુન માસમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા જાતિ પ્રમાણપત્રો મેળવવા ભારે ધસારો થાય છે. જેને કારણે વિધાર્થીઓ અને વાલીઓને જાતિ પ્રમાણપત્ર મેળવવા ખુબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. આથી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિધાર્થીઓને બોર્ડની પરીક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતી સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જે બાબતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા શાળાઓ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપુર્ણ વિગતો સાથેની દરખાસ્ત જુલાઈ-૨૦૨૪ અંત સુધીમાં મેળવી લેવા અને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી ૩૧,ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં પુરા પાડવા સુચનાઓ આપેલ હતી. સદર બાબતે માન.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયમાંથી સૂચના મળેલ છે. તથા માન.અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પણ સદર બાબતે રીવ્યુ લેવામાં આવે છે અને વિધાર્થીઓને શાળા મારફતે જાતિ પ્રમાણપત્ર મળી રહે તે અંગે સુચનાઓ આપેલ છે.

તેમ છતાં હજી પણ શાળાઓ મારફતે દરખાસ્ત પહોંચાડવાની કામગીરી ઘણી જ ધીમી ગતીએ હોઇ વિધાર્થિઓ/અરજદારોની મુશ્કેલી દૂર કરવા સરકારશ્રીએ અમલમાં મૂકેલ પધ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત વહેલી તકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સક્ષમ સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા જિલ્લાના તમામ ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓને શાળા કક્ષાએ જાતિ પ્રમાણપત્ર સમયમર્યાદામાં મળી રહે તે અંગે ઝુંબેસના સ્વરૂપે યોગ્ય કાર્યવાહી થવા જરૂરી સુચના આપેલ છે. જે બાબતે આપની કક્ષાએથી નિયમોનુસારની કાર્યવાહી થવા આથી જણાવવામાં આવે છે.

કલેક્ટર સુરત વતી

**નકલ રવાના** :- નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી, જુની કોર્ટ બિલ્ડિંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત.

૨/- જાણ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંકલનમાં રહી વિધાર્થીઓને શાળા કક્ષાએ જાતિ પ્રમાણપત્ર સમયમર્યાદામાં મળી રહે તે અંગેનું સુચારૂ આયોજન કરવા સારૂ.

# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં-૪/૩ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ફોન નં.-૨૩૨૫૩૨૪૯, E-MAIL ID : dire-dcw@gujarat.gov.in


સત્યમેવ જયતે

ક્રમાંક: વિજાક/જાપ્રપ/ દરખાસ્ત/૨૦૨૪-૨૫/૨૧૨૨ તા. ૦૬/૦૮/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા કલેક્ટરશ્રી

જિલ્લા કલેકટર કચેરી, તમામ

વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.

સંદર્ભ :- (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/ ૧૩૬૩/અ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/ ૧૬૬૩/અ

(૩)અત્રેની કચેરીના તા.૧૪/૬/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: વિજાક /જાપ્રપ /૨૦૨૪નો પત્ર.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુન માસમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા જાતિ પ્રમાણપત્રો મેળવવા ભારે ઘસારો થાય છે. જેને કારણે વિધાર્થીઓ અને વાલીઓને જાતિ પ્રમાણપત્ર મેળવવા ખુબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. આથી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ધોરણ ૧૦ અને ધોરણ – ૧૨ ના વિધાર્થીઓને બોર્ડની પરીક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતી સંદર્ભ (૧) અને (૨) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. જે સંદર્ભે અત્રેની કચેરીના સંદર્ભ (૩) થી શાળાઓ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપુર્ણ વિગતો સાથેની દરખાસ્ત જુલાઇ – ૨૦૨૪ અંત સુધીમાં મેળવી લેવા અને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી ૩૧, ઓગસ્ટ – ૨૦૨૪ સુધીમાં પુરા પાડવા સુચનાઓ આપેલ હતી. સદર બાબતે માન. મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયમાથી સૂચના મળેલ છે. તથા માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પણ સદર



આ.ક.
૧૨૮

બાબતે રીવ્યુ લેવામા આવે છે તથા વિધાનસભાની સામાજિક અને પછાત વર્ગની સમિતિ દ્વારા પણ વિધાર્થીઓને શાળા મારફતે જાતિ પ્રમાણપત્ર મળી રહે તે અંગે સુચનાઓ આપેલ છે.

વધુમાં ઉક્ત બાબતે જણાવવાનું હાલ જુલાઇનો માસ પુર્ણ થયેલ છે. તેમ છતા હજી પણ શાળાઓ મારફતે દરખાસ્ત પહોચાડવાની કામગીરી ઘણી જ ધીમી ગતીએ હોઇ આ બાબતે સમયમર્યાદામાં જાતિ પ્રમાણપત્ર પુરા પાડવાની કામગીરીમાં વિલંબ થાય તેમ છે. ઉક્ત સંદર્ભ (૨) પરના ઠરાવ મા જણાવેલ છે કે, ઉપરોક્ત પધ્ધતિ સાંગોપાંગ સફળ થાય અને પ્રમાણપત્ર વાંછુ વિધાર્થિઓ/અરજદારોની મુશ્કેલી દૂર કરવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી , નિવાસી નાયબ કલેક્ટર અને જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) (સભ્ય સચિવ) ની બનેલી સમિતિ મુશ્કેલી નિવારણ માટે જરૂરી પગલા લેશે. સરકારશ્રીએ અમલમાં મૂકેલ પધ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત વહેલી તકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સક્ષમ સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા આપની કક્ષાએ જરૂરી બેઠકનું આયોજન કરી જિલ્લાના તમામ ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓને શાળા કક્ષાએ જાતિ પ્રમાણપત્ર સમયમર્યાદામાં મળી રહે તે અંગે ઝુંબેસના સ્વરૂપે યોગ્ય કાર્યવાહી થવા જરૂરી સુચનો કરવા વિનંતી છે.

( વિક્રમસિંહ જાદવ )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુ. રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u> :-

માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.